# <u>વસો કેમ્પસ ખાતે “આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ”ની ઉજવણી</u>

કૃષિ મહાવિદ્યાલય -વ- કૃષિ પોલિટેકનીક, આ. કૃ. યુ. વસોની રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા તારીખ ૦૮/૦૩/૨૦૨૨ ના રોજ “આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ”ની ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસની ઉજવણીના ભાગ રૂપે “મહિલા સ્વાસ્થ્ય અને સશક્તિકરણ” પર મુખ્ય મહેમાન ડૉ. અંજના શૈલેષ સોની, મેડીકલ ઑફીસર,પ્રાઇમરી હેલ્થ સેન્ટર, સલૂન, નડીયાદ દ્વારા સ્ત્રીઓ તેમજ પુરુષોના રોગો અને તેના નિવારણ, સ્ત્રી ભૃણહત્યા અટકાવવા તેમજ તરુણાવસ્થા દરમ્યાન થતી સેક્સ્યુલ ભૂલો અને તેની ગંભીર કાનૂની પરીણામ વિષે વાકેફ કર્યા હતા. તેમજ કૃષિ મહાવિદ્યાલય અને કૃષિ પોલિટેકનીકની **વિદ્યાર્થીની**ઓ દ્વારા “આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ” **નિમિત્તે** મહિલા સશક્તિકરણ અંગે પોતાના વિચારો રજૂ કરવામા આવ્યા હતા. કૃષિ મહાવિદ્યાલયના આચાર્ય અને યુનિટ વડાશ્રી ડૉ. વી. પી. રામાણીએ પ્રસંગોચિત ઉદબોધન કર્યું હતું જેમાં તેઓએ સ્ત્રીઓની મહાનતા અને તેમનામા રહેલી શક્તિઓ વિષેની વાત કરી અને **વિદ્યાર્થીની**ઓમાં ભરપૂર પ્રેરણા અને જોશ ભર્યો હતો. કૃષિ મહાવિદ્યાલય -વ- કૃષિ પોલિટેકનીકનો શિક્ષકગણ અને તમામ વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમ માં હાજર રહી કાર્યક્રમને સફળ બનાવેલ.

<u>“આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ”**ની ઝાંખી**</u>





